ગાંધીનગર સમાચાર

# મહેસાણા જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ

## જિલ્લામાં અંદાજીત પાંચ લાખથી વધુ શિબીરાથીઓ યોગમાં જોડાયા : જિલ્લામાં સુર્યમંદિર, તાના-રીરી અને પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર એરક્રાફ્ટથી ફુલવર્ષા કરાઈ





મહેસાણા, તા. ૨૧

યોગ એ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન છે. આ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ૨૧ જુન રોજ વિશ્વ યોગ દિવસ તરીકે માન્યતા મળી છે.સમગ્ર વિશ્વમાં દ્રિતીય વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ હતી.મહેસાણા જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો.સમગ્ર મહેસાણા જિલ્લામાં ૧૫૦૦ જેટલા સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરાઇ હતી.જેનો શુભારંભ આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઇ પટેલે કરાવ્યો હતો.મહેસાણા જિલ્લાના વિવિધ સ્થળોએ પાંચ લાખથી વધું શિબીરાથીઓ યોગ નિર્દશન રજુ કર્યાહતા.

કાર્યક્રમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે ભારતનો ભવ્ય ભુતકાળ અને ઐતિહાસિક વિરાસતને ઉજાગર કરવાનું ઉત્તમ કામ વિશ્વ યોગ દિવસથી થયું છે.સમગ્ર વિશ્વમાં ભારતીય સસ્કૃતિને પ્રસ્થાપીત કરી જગતગૂરૂ તરફ ભારત પ્રયાણ કરી રહ્યું છે.યોગએ ભારતની પુરાતન સંસ્કૃતિની ઉત્તમ દેન છે.સમગ્ર વિશ્વના કલ્યાણ અર્થે પ્રધાનમંત્રીશ્રીના પ્રયાસોથી આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી થઇ રહી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે યોગ થકી મનુંષ્યને શારીરીક,માનસિક અને આધ્યાત્મિક માર્ગદર્શન મળી રહે છે.ૠષિ પતંજલીએ યોગ સુત્ર આપી અનેક ૠષિમુનિઓને યોગને સાક્ષાત્કાર કર્યો છે.મહેસાણા જિલ્લામાં ૧૫ જેટલી સંસ્થાઓ યોગ અંગેની તાલીમ અને માર્ગદર્શન આપી રહી છે જેનો જિલ્લાની પ્રજાને લાભ લેવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલનો શુભ સંદેશ સી.ડી દ્વારા પ્રસારીત કરાયો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની યોગ વિધાને વૈશ્વિક સ્વીકૃતિ આપી આ દિવસ વિશ્વ માટે અનોખી ભેટ છે. જિલ્લામાં મોઢેરા સુર્યમંદિર,તાના-રીરી.,અને તારંગા હિલ જેવા ઐતિહાસિક સ્થળો ઉપરાંત જિલ્લા કક્ષાના ૫,તાલુકા કક્ષાના ૨૧,નગરપાલિકા કક્ષાના ૧૪,શૈક્ષણિક સંસ્થાના ૧૨૦૦ સહિત અલગ સેવાભાવી સંસ્થાઓ દ્વારા યોગ નિર્દશન કરવામાં આવ્યું હતું.યોગ નિર્દશનના દરેક કેન્દ્રો પર નોડલ ઓફિસર તેમજ માસ્ટર ટ્રેઇની દ્વારા યોગ નિર્દશન સંપન્ન કરાયું હતું.જિલ્લામાં ૧૧૬૫ શાળા,કોલેજોના મળી એક લાખ પંચોત્તેર હજારથી વિધાથીઓ અને સેવાભાવી સસ્થાઓ મળી અંદાજીત પાંચ લાખ લોકોએ યોગ નિર્દશન કર્યુ હતું. યોગાભ્યાસ, પાર્થના, સૂક્ષ્મક્રિયા, આસાનો, કપાલભાતી, પ્રાણાયામ, ધ્યાન, સંકલ્પ અને શાંતિપાઠ કરાયા હતા.

કાર્યક્રમમાં સાંસદશ્રી જયશ્રીબેન પટેલ,જિલ્લા કલેકટર આલોક કુમાર,જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.લાંગા, ચેરમેન સર્વેશ્રી જ્યંતિભાઇ બારોટ, રમેશભાઇ સોલંકી, પુર્વ સાંસદ નટુજી ઠાકોર, પુર્વમંત્રી ખોડાભાઇ પટેલ,મુખ્ય સરકારી વકીલ ચંદનસિંહ રાજપૂત, આસિટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબું, અધિક કલેકટરશ્રી ધવલ જાની સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, શિબીરાથીઓ, તાલીમાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી કરાઈ

૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની બનાસકાંઠા જિલ્લામાં ભારે હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૬ વાગ્યા પહેલાંથી જ નાગરિકો ઉત્સાહભેર નક્કી કરેલ સ્થળોએ ઉમટી પડ્યા હતા. સવા છ વાગ્યા સુધીમાં તો દરેક સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો યોગા કરવા પોતાના સ્થળે ગોઠવાઈ ગયા હતા. આ પ્રસંગે પાલનપુર ખાતે પાંચ સ્થળોએ જિલ્લાકક્ષાના કાર્યક્રમ યોજાયા હતા. આ સ્થળોના નામ આ પ્રમાણે છે. પોલીસપરેડ ગ્રાઉન્ડ, સરસ્વતી સ્કૂલ, જોરાવર પેલેસ સંકુલમાં બગીચો, કર્ણાવત હાઈસ્કૂલ અને બિહારી બાગ પાસે આવેલ સ્વામીનારાયણ ગુરૂકુળ સ્કૂલ કેમ્પસ, યોગના નિષ્ણાતો દ્વારા વિવિધ યોગાસનોનું ધ્યાન કરાવવામાં આવ્યું હતું. જેમાં સૌ સારી રીતે સામેલ થયા હતા. વિદ્યાર્થીઓ અને ઘણા વડીલો સારી રીતે યોગાસનો કરી રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં મોડી રાત્રે મેઘરાજાની ધમાકેદાર સાર્વત્રિક પધરામણી

## વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો : વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનોએ રાહત અનુભવી

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં આખરે મેઘરાજાના વિધિવત મંડાણ થતા જિલ્લાના પ્રજાજનો અને ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં કાળઝાળ ગરમીથી મનુષ્ય, પશુ અને પંખીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. ચોમાસાની ૠતુએ એક સપ્તાહ જેટલી રાહ જોવડાવ્યા બાદ પાછલા એક સપ્તાહથી આકાશમાં વાદળો ગોરંભાયા હતા. દરમિયાન સોમવારે મોડી રાત્રે અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે વાવણીલાયક વરસાદ શરૂ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ધોધમાર વરસાદથી જિલ્લામાં અસહ્ય બનેલા બફારા અને ઉકળાટથી પ્રજાજનોને આંશીક રાહત મળી હતી.

ગુજરાત રાજ્યમાં આ વર્ષે તાપમાનના પારાએ છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતનો રેકોર્ડ તોડતા દેહ દઝાડતી ગરમીથી મનુષ્યો, પશુ અને પંખીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. આવી સ્થિતિ વચ્ચે છેલ્લા એક સપ્તાહથી આકાશમાં વાદળો છવાતા બફારો વધતા સૌ કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને સૌ કોઈ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા ત્યારે સોમવારે રાત્રે જિલ્લામાં ધમાકેદાર એન્ટ્રી કરતા ઝડપી પવન ફુંકાવાની સાથે ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ થતા લોકોમાં આનંદ છવાયો હતો. સોમવારની રાત્રીએ જિલ્લામાં સરેરાશ એક ઈંચ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડકની લહેર પ્રસરી હતી. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ દરમિયાન જિલ્લામાં હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી કરાઈ હોવાથી સૌ કોઈ જિલ્લામાં વધુ વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં વાવણીલાયક વરસાદ થતા જિલ્લાના ભૂમિપુત્રો વાવણીમાં જોતરાઈ ગયા હતા.

## બાયડ પોલીસ સ્ટેશનથી સરકારી પુસ્તકાલય તરફ જવાના રસ્તા પર દબાણોનો અડ્ડો

બાયડ પોલીસ સ્ટેશનથી સરકારી પુસ્તકાલય તરફ જવાના રસ્તા .પર દબાણો ઠેરઠેર ફુલી ફાટી નીકળયા છે. આ દબાણો હટાવવા માટે તંત્ર પાસે ટાઈમ નથી તેવું દેખાય છે. મામલતદાર કચેરી સામે પોલીસ કર્વાટર્સ લાઈનમાં અનેક દબાણો હોવા છતાં તંત્ર કેમ શાંત બેઠ્યું છે.

મામલતદાર સામે દબાણો રોડ ઉપર આખી ગયા છે આ દબાણો કોણે પૂછીને કરવામાં આવ્યા છે શું દબાણો માટે કોન જવાબદાર ?

આ દબાણો નહી હટે તો ઉગ્ર આંદોલન પણ છેડાઈ શકે છે મામલતદાર સામે આવેલ દુકાનો, ઘરોના માલીકો બહુ મોટા દબાણોકરી બેઠ્યા છે અને ત્યાં મામલતદાર કચેરી ના મોટા મોટા વહીવટી સોદાઓ બોડ થતાં હોય છે.

મામલતદાર ધ્વારા આ દબાણ માટે પી.ડબ્યુ.ડીને આદેશ આપે કે આ દબાણો ને નાશ કરી જમીન દોસ્ત કરી દે તેવા આદેશ મામલતદાર આપશે ખરા ?

જો નહી આપે તો એવું માલુમ પડશે કે આમાં મામલતદાર કચેરીના વહીવટી સોદા થાય છે તે વાત સાચી નીવડશે ?

મામલતદાર કચેરી સામે આવી દુકાનો પાસે નગરપાલીકામાં ગુમાસધારા માં નોંધાવેલ લાયસન્સ છે કે નહી તેની પણ તપાસ નગરપાલીકા ધ્વારા કરવામાં આવે.

આ દબાણ મામલે કલેકટર કડક પગલા ભરે તેવી લોક માંગણી બાયડ નગર થવા પામી છે.

## રામગઢી સબ સ્ટેશનના હેલ્પર દ્વારા ગ્રાહકો સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા ઉચ્ચ કક્ષાએ રજૂઆત

મેઘરજ, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ખાતેઆવેલ ૬૬ કેવી સબસ્ટેશનમાં ફરજ બજાવતા હેલ્પર ફોન પર ગ્રાહકોને સંતોષકારક જવાબ આપવાને બદલે અસંતુષ્ટ જવાબો આપી વીજળી વારંવાર ડુલ થઈ હોઈ ગ્રાહકો સબ સ્ટેશનમાં ફોન કરતાં ગ્રાહકોને બિભત્સ ગાળો બોલી ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતાં ગ્રાહકોમાં રોષની લાગણી ફેલાઈ હતી અને ગ્રાહકે આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ તાલુકામાં વરસાદના અમી છાંટણા થયા હતા અને રાત્રીના સમયે થોડીવાર વરસાદ પડ્યા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો પરંતુ સીસોદરા(મે) ગામમાં વરસાદ બંધ થયા બાદ પણ જ્યોતિગામ વીજળીનું લાઈટ ન આવતા ગામના એક યુવાનો રામગઢી સબ સ્ટેશનમાં લાઈટ બાબતે ફોન કર્યો હતો પરંતુ અસંખ્ય ફોન કરવા છતાં કોઈએ પણ ફોન ઉપાડ્યો ન હતો અને થોડીવાર પછી ફરી ફોન કરતાં સબ સ્ટેશનમાં ફરજ બજાવતા બારીયા અટક ધરાવતા હેલ્પરે ફોન ઉપાડ્યો હતો અને ગામના યુવાને નરમાઈશથી પુછતાં હેલ્પર એકદમ ઉશ્કેરાઈ યુવાનને ફોન પર અસંતુષ્ઠ જવાબો આપ્યા હતા અને મા બેન સામે બિભત્સ ગાળો બોલી ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા આ યુવાનો ફરજમાં બેદરકારી દાખવતા હેલ્પર સામે કાયદેસર પગલા લેવા ઉચ્ચ કક્ષાએ ફોન રેકોર્ડિંગની સી.ડી. સાથે રજુઆત કરી આ બિભત્સ વર્તન અંગે હેલ્પર પાસે લેખીતમાં ખુલાસો લેવા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

## મોડાસામાં ગીરીમાળા ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

મોડાસામાં આવેલ નાલંદા જીનીયસ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ગીરીમાળા ક્રિકેટ એસોસિએશન દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટૂર્નામેન્ટની અંતિમ ફાઈનલ મેચ આદર્શ ક્રિકેટ ક્લબ અને યુવા-૨૧ સ્પોર્ટસ ક્લબ દ્વારા પ્રથમ બેટીંગ કરતા ૨૧૭ રન બનાવવામાં આવ્યા હતા. જ્યારે આદર્શ ક્રિકેટ ક્લબની ટીમ ૨૫.૫ ઓવરમાં માત્ર ૯૪ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી અને મોટા અંતરથી યુવા-૨૧ સ્પોર્ટસ ક્લબનો વિજય થયો હતો. મેચમાં યુવા-૨૧ સ્પોર્ટસ ક્લબ તરફથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગણપત પ્રજાપતિને ટૂર્નામેન્ટ ઓફ ધ પ્લેયરનો એવોર્ડ અપાયો હતો.



## ભિલોડામાં નાગરિકો યોગમય બન્યા

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તા.૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ ધામધુમ પુર્વક ઉજવવામાં આવ્યો હતો. ભિલોડામાં શ્રી ગાયત્રી પરીવાર ધ્વારા શાંતિનગરમાં યોગ, પ્રાણાયમનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રાથમીક શાળાઓ અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, સામાજીક કાર્યકરો, જાગૃત પ્રજાજનોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ કરી ઉજવણી કરી હતી. ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયના મેદાનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરો, ઉર્વશીબેન બરંડા, હસમુખભાઈ બરંડા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ભિલોડા એન.આર.એ. વિદ્યાલય સહિત વિવિધ શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ, ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ સહિત જાગૃત પ્રજાજનોએ ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કર્યા હતા. ભિલોડા પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરોએ ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# અરવલ્લીમાં વિશ્વ યોગ દિને અઢી લાખ નગરજનો જોડાયા





મોડાસા, તા. ૨૧

આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના મોડાસાની શ્રી કે.એન.શાહ હાઈસ્કૂલના પટાંગણમાં જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ૨૧મી જૂને બીજા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં અરવલ્લી જિલ્લા કક્ષાએ ૫ સ્થળો, અને તાલુકા મથકે ૧૨ અને નગરપાલિકાના શહેરી વિસ્તારમાં ૪ સ્થળ ઉપરાંત નગરપંચાયત, શાળાઓ, માધ્યમિક શાળાઓ, કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓમાં મળી જિલ્લામાંથી કુલ ૨.૫ લાખ જેટલા લોકો આ વિશ્વ યોગ દિનની ઉજવણીમાં જોડાઈ યોગમય બન્યા હતા.

આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શરીર અને મનનું જોડાણ એટલે યોગ, ભારતીય સંસ્કૃતિને મળેલ આ મહામૂલી ભેટ છે, નિરામય અને નિરોગી જીવન માટેની ચાવી છે અને સુખની કામના પહેલું સુખ જે જાતે નર્યા તેની મહત્તા ગણાવી હતી. મૂળભૂત ભારત વર્ષની સંસ્કૃતિને સમગ્ર વિશ્વમાં સ્વીકૃતિ મળે અને સ્થાન મળે તેની સફળતા ઈચ્છી પ્રતિદિન યોગને સ્થાન આપી નિરામય અને નિરોગી જીવન માટે યોગ અનિવાર્ય છે અને મહત્વ પૂર્ણ સાબિત થાય છે તેમ જણાવ્યું હતું.

આ વિશ્વ યોગ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ, જિલ્લા પોલીસ અધિક્ષક કે.એન. ડામોર, નિવાસી અધિક કલેકટરશ્રી ચિરાગ ચાવડા, પ્રાયોજના વહિવટદાર પી.સી.ઠાકુર, પ્રાંત અધિકારી આનંદ આચાર્ય, એસ.બી.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી એ.પી.ઝાલા, કે.એન.શાહ શૈક્ષણિક સંસ્થાના પ્રમુખ બિપિનભાઈ શાહ, વિશ્વ ગાયત્રી પરિવારના સભ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીગણ નાગરિકો, વિધાથીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.